# <u>પ્રેસ નોટ</u>

## ચોરીના મોટર સાયકલ સાથે ૧ આરોપીને પકડી પાડી કડી પો.સ્ટે. ના વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.

અમદાવાદ શહેર વિસ્તારમાં ઘણા સમયથી ટુ વ્હિલર વાહન ચોરીઓનો ઉપદ્રવ વધી ગયેલ હોય અને આ વાહનચોરીના ગુનાઓના ભેદ વણ ઉકેલાયેલ હોય આ વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાંચ નાઓ દ્વારા સુચના આપવામાં આવેલ હોય જે સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.ગોહીલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇ. શ્રી આર.એસ.સુવેરા નાઓની ટીમના પો.સ.ઇ. શ્રી વાય.એમ.ગોહીલ, પો.સ.ઇ. શ્રી કે.કે.ડીંડોડ નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હેડ કોન્સ. નારસિંહ મલુસિંહ તથા હે.કો.પ્રતાપસિહ સુખાજી નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી કિશનસિંહ ઉર્ફે લાલો સ/ઓ અજીતસિંહ રાણાજી ચાવડા ઉ.વ.૨૨ રહે. ૧૧૩, રણછોડ નગર સોસાયટી, ગામ બુડાસણ, તા.કડી. જિ.મહેસાણા મુળ ગામ ગુંજાલા, તા.દેત્રોજ, જિ. અમદાવાદ નાઓને ઝુંડાલ સર્કલ પાસેથી ચોરીના હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ કિં.રૂ. ૨૦,૦૦૦/- ની મત્તાનું રિકવર કરી કડી **પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૪૯/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ**નો વાહન ચોરીના ગુનાનો ભેદ શોધી કાઢેલ છે.

પકડાયેલ આરોપીએ આર્થીક સંકડામણના કારણે તેમજ મોજશોખ કરવા માટે આ મોટર સાયકલની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

પકડાયેલ આરોપીએ આ સિવાય બીજા આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ ? તેમજ તેની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય જેથી બીજા પણ આવા પ્રકારના વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.